# વારાણસીમાં મોદીનું વિરાટ શક્તિ પ્રદર્શન

વારાણસી,તા. ૨૪

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વિરાટ શક્તિપ્રદર્શન કર્યા બાદ આજે વિધિવતરીતે વારાણસીમાંથી ઉમેદવારી નોંધાવી દીધી હતી. શહેરમાં જોરદાર શક્તિ પ્રદર્શન વચ્ચે ઉમેદવારીપત્રો મોદીએ ભરતા ભાજપના કાર્યકરોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. મોદીએ આજે વારાણસીના માર્ગો ઉપર પોતાની તાકાતનો નજારો રજૂ કર્યો હતો. આશરે પોણા બે કલાકના મેગા રોડ શો બાદ ઉમેદવારીપત્ર ભરવા પહોંચ્યા હતા. પંડિત મદનમોહન માલવિયે પૌત્ર ગિરધર માલવિય અને શાસ્ત્રીય ગાયક છન્નુલાલ મિસ્ત્રી મોદીના પ્રસ્તાવક બન્યા હતા. મોદીના સમર્થકોમાં જોરદાર ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારે આશરે ૧૧.૩૦ વાગે વારાણસીમાં મલદહિયા ચોકથી મોદીના રોડ શોની શરૂઆત થઇ



હતી અને રોડ શો યોજ્યા બાદ સવા એક વાગે ઉમેદવારીપત્ર ભરવાના સ્થળે કાફલો પહોંચ્યો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટની ઓફિસમાં આ પ્રક્રિયા યોજાઈ હતી. સમગ્ર વિસ્તાર મોદીમય રહેતા ભાજપના કાર્યક્રમોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. મોદીની સાથે રોડ શો દરમિયાન તેમના રથમાં અમિત શાહ, ઉત્તરપ્રદેશ ભાજપના અધ્યક્ષ લક્ષ્મીકાંત બાજપેઈ હતા. મોદીના ઉમેદવારી પત્ર ભરતા પહેલા યોજાયેલા રોડમાં લાખો લોકો ઉમટી પડ્યા હતા. વારાણસીમાં રોડ શોને લઇને તમામ તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી હતી. લોકોનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. મોદીએ ઉમેદવારી પત્ર ભરતા પહેલા કેટલાક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. મોદી સવારે વારાણસીમાં વિધિવતરીતે ઉમેદવારી પત્ર ભરવા માટે પહોંચ્યા હતા. વારાણસીમાં ભાજપ દ્વારા નરેન્દ્ર મોદીના ભવ્ય સ્વાગત કરવા માટેની અને ભવ્ય ઉજવણી કરવા માટેની તૈયારી કરી લેવામા આવી હતી. મોદી આજે વારાણસીમાં ઉમેદવારી પત્ર ભરવા માટે પહોંચ્યા હતા. મોદી ઉમેદવારી પત્ર ભરે ત્યારે જોરદાર શક્તિ પ્રદર્શનના મુડમાં દેખાયા હતા. ભાજપના પ્રવકતા નવીન કોહલીએ કહ્યું હતુ કે વારાણસીમાં હજુ સુધીના સૌથી મોટા જસ્નની તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી હતી. વારાણસીને મુખ્ય રીતે મંદિર શહેર તરીકે ગણવામાં આવે છે. પરંતુ મોદી ત્યાં પહોંચી ગયા બાદ વારાણસી હવે ભારતના રાજકીય પાટનગરમાં ફેરવાઇ ગયું છે. જે રીતે હોળી અને દિવાળીના દિવસે લોકો ઉમટી પડે છે થે વારાણસી સાથે ઘણા ઇતિહાસ જોડાયેલા છે. ૧૬ લાખની વસતી ધરાવતા વારાણસી વિશ્વના સૌથી પ્રાચીન શહેરો પૈકીના એક છે. અહીં મતદારોની સંખ્યા સત્તાવાર આંકડા મુજબ ૧૬ લાખની છે. મુસ્લિમો બાદ પટેલ (કુર્મી) સમુદાયના લોકો પણ ખુબ મોટી સંખ્યામાં છે. આવા લોકોની સંખ્યા બે લાખથી વધારે છે. આવી જ રીતે બ્રાહ્મણ, વૈશ્ય, યાદવ અને દલિત સમુદાયના લોકોની સંખ્યા પણ ખુબ વધારે છે. ઓબીસી મતદારોની સંખ્યા પણ ખુબ વધારે છે. આ અગાઉ સવારે વારાણસી વિમાની મથક અને ત્યારબાદ હેલિકોપ્ટરથી વારાણસી હિન્દુ યુનિવર્સિટી પહોંચ્યા હતા.

## રોડ શો વિરૂદ્ધ ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસની ફરિયાદ

નરેન્દ્ર મોદીના વારાણસીમાં રોડ શોથી એક બાજુ ભાજપના કાર્યકરોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું જ્યારે કોંગ્રેસની છાવણીમાં સોપો પડી ગયો હતો. આટલી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિને લઈને કોંગ્રેસમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય પ્રધાન આનંદ શર્માએ આજે કહ્યું હતું કે, શાસક પાર્ટીએ રોડ શોની સામે ચૂંટણી પંચ



સમક્ષ ફરિયાદ નોંધાવી છે. વારાણસીમાં ઉમેદવારીપત્ર ભરતા પહેલા ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી દ્વારા યોજવામાં આવેલા રોડ શોને લઈને આચારસંહિતાનો ભંગ થયો છે. શર્માએ કહ્યું હતું કે, આજે ૧૧૭ બેઠકોમાં મતદાન યોજાયું છે અને આજ દિવસે મોદીએ શક્તિ પ્રદર્શન કર્યું છે. તમામ ટીવી ચેનલો ઉપર આ રોડ શોનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું છે. આચારસંહિતાના ખુલ્લા ભંગ તરીકે આને ગણવામાં આવે છે. મતદારો ઉપર પ્રભુત્વ ધરાવવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. આનંદ શર્માએ વધુમાં કહ્યું હતું કે, ઉમેદવારીપત્ર ભરવાની તારીખ પહેલાથી જ આયોજન પૂર્વક જ નક્કી કરવામાં આવી હતી. તેવા તમામ લોકો સામે અમે એફઆઈઆર દાખલ કરવાની માંગ કરી રહ્યા છે જે રોડ શોમાં સામેલ હતા. અમે કોઈ નોટિસ જોઈ રહ્યા નથી. પગલા ઈચ્છીએ છીએ. કોંગ્રેસ ઈરાદા સ્પષ્ટ કરતા આનંદ શર્માએ આ મુજબની વાત કરી હતી. ચૂંટણી પંચ કઈ રીતે કાર્યવાહી કરે છે તેના ઉપર દેશના લોકોની નજર રહેશે. આનંદ શર્માની આ પ્રતિક્રિયા બાદ ભાજપ દ્વારા પણ આની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

## બેંક માટે નાણાં મંત્રાલય હવે ૭૦૦૦ કરોડની માંગ કરશે

નવી દિલ્હી,તા. ૨૪

કેન્દ્રિય નાણા મંત્રાલય દ્વારા જ્યારે નવી સરકાર ચાર્જ સંભાળી લેશે ત્યારે આ નાણાકીય વર્ષમાં બેંક કેપિટલાઈઝેશન પ્રોગ્રામ માટે બીજા ૭૦૦૦ કરોડ રૂપિયાની માંગ કરવામાં આવસે. નવી સરકાર આવશે અને જુનના અંત સુધીમાં અથવા તો જુલાઈની શરૂઆતમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટે જ્યારે સંપૂર્ણ બજેટ રજૂ કરશે ત્યારે નાણાં મંત્રાલય દ્વારા આ રકમની માંગ કરવામાં આવનાર છે. વચગાળાના બજેટમાં આ નાણાંકીય વર્ષ માટે સરકારે બેંક કેપિટલાઈઝેશનની મદદ માટે ૧૧૨૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા. નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં સરકારે સરકારી બેંકોના કેપિટલાઈઝેશન માટે ૧૪૦૦૦ કરોડ રૂપિયા ઉપલબ્ધ કરાવ્યા હતા. નાણાં મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે શરૂઆતમાં જે માંગ કરવામાં ાવી હતી તે આશરે ૨૨૦૦૦ કરોડની હતી.જેને આયોજન પંચે ઘટાડી દીધી હતી. અમે બેસેલ-૩ હેઠળ હવે પૂર્ણ રકમની માંગ કરીશુ. ઉંચી માંગનો મતલબ છે કે બેંકોની નોન પરફોર્મિંગ લોન્સમાં હાલમાં જે તેજી છે તેને લિને બેંકોને વધારે મદદ કરવાની બાબત છે. બેંકોને પોતાની બેલેન્સશીટ વ્યવસ્થિત કરવા માટે વધારે લોન આપવા વધારે નાણાંની જરૂર રહેશે. ભારતીય રીઝર્વ બેંકના જણાવ્યા મુજબ સરકારી બેંકોને બેસેલ-૩ના નિયમોને પૂર્ણ કરવા માટે આશરે ૪.૧૫ લાખ કરોડ રૂપિયાની જરૂર છે. જે પૈકી ૧.૫ લાખ કરોડની રકમ ઈક્વિટી મુડી અને આશરે ૨.૭૫ લાખ કરોડની રકમ નોન ઈક્વિટી કેપિટલની રહેશે

## નરેન્દ્ર મોદીની લહેર હોવાનો વડાપ્રધાન સિંહે ઇનકાર કર્યો

ગુવાહાટી,તા. ૨૪

વડાપ્રધાન મનમોહનસિંહે આજે દાવો કર્યો હતો કેદેશમાં કોઈપણ મોદી લહેર નથી. સિંહે કહ્યું હતું કે, મિડિયા દ્વારા આ બાબત ફેલાવવામાં આવી છે. ડિસપુર સરકારી ઉચ્ચ માધ્યમિક વિદ્યાલયમાં પોતાના પત્નિ ગુરુશરણ કૌરની સાથે મતદાન કરવા માટે પહોંચેલા મનમોહનસિંહે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તેઓ નક્કરપણે માને છે કે, દેશમાં મોદીની કોઈપણ લહેર નથી. મિડિયાએ ઉપજાવી કાઢેલી આ બાબત છે. દેશમાં મોદીની લહેર ચાલી રહી નથી. મનમોહનસિંહે દાવો પણ કર્યો હતો કે, કોંગ્રેસની સ્થિતિ નબળી થઈ નથી. ૧૬મી મેના દિવસના પરિણામ આવ્યા બાદ આ બાબત સ્પષ્ટ થઈ



જશે. અમે બહુમતીથી જીત મેળવીશું. વડાપ્રધાને તમામ નાગરિકોને લોકશાહી પ્રક્રિયામાં સામેલ થવા અને મતદાન કરવાની અપીલ કરી હતી. આ અગાઉ વડાપ્રધાન લોકપ્રિય ગોપીનાથ બારદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ભારતીય હવાઈ દળના ખાસ વિમાનથી પહોંચ્યા હતા. ત્યારબાદ હવાઈ દળના હેલિકોપ્ટરથી ખાનપાડા રવાના થઈ ગયા હતા જ્યાં મુખ્યમંત્રી તરુણ ગોગોઈ અને એપીસીસીના પ્રમુખ ભુવનેશ્વર કલિકાએ તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સીધા મતદાન કેન્દ્ર ઉપર પહોંચ્યા હતા. મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ વડાપ્રધાન દિલ્હી રવાના થઈ ગયા હતા. વડાપ્રધાન ૧૯૯૧થી રાજ્યમાં આસામનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તેમનું સ્થાનિક સરનામુ ભૂતપૂર્વ મુખ્યમંત્રી હિતેશ્વર સેકિયાના વિધવા હેમપ્રભા સેકિયાના ઘરમાં ભાડા ઉપર લેવામાં આવેલા એપાર્ટમેન્ટ તરીકે છે. જે શહેરના સારૂમોટોરિયા વિસ્તારમાં સ્થિત છે.

## ભારતી ઉપર હુમલો કરવા બદલ કેજરીવાલના પ્રહાર

વારાણસી, તા. ૨૪

એએપીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે નરેન્દ્ર મોદીની જોરદાર ઝાટકણી કાઢી હતી. દિલ્હીના ભૂતપૂર્વ પ્રધાન સોમનાથ ભારતી ઉપર હુમલાના મામલે તેમની ટિકા કરવામાં આવી હતી. નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે ચૂંટણીની ખાતરી કરવા ચૂંટણી પંચ સમક્ષ દરમિયાનગીરીની માંગ કેજરીવાલ દ્વારા કરવામાં આવી હતી. એએપીના



કાર્યકરો ઉપર હુમલામાં સામેલ રહેલા લોકો સામે પગલા લેવામાં નિષ્ફળતા બદલ સ્થાનિક વહીવટીતંત્ર ઉપર પણ આક્ષેપ કર્યો હતો.

ભાજપના દ્વારા કયા પ્રકારની નીતિ પવિત્ર શહેરમાં લાવવામાં આવશે તેવી વાત કેજરીવાલે કરી હતી. તેમણે કહ્યું હતું કે, પરંપરા અને સંસ્કૃતિ ધરાવતા શહેરમાં હુમલાઓ થઈ રહ્યા છે. વારાણસીમાં નરેન્દ્ર મોદી સામે ચૂંટણી મેદાનમાં રહેલા કેજરીવાલે વળતા પ્રહારો કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતી ઉપર ગઈકાલે મોડીરાત્રે હુમલો કરવામાં આવ્યો હતો. ચૂંટણી સંબંધિત કાર્યક્રમમાં ભાગ લેવા માટે સોમનાથ ભારતી પહોંચ્યા ત્યારે તેમના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. અરવિંદ કેજરીવાલ અસ્સીઘાટ વિસ્તારમાં આજે ધરણા ઉપર બેસી ગયા હતા. અરવિંદ કેજરીવાલ નરેન્દ્ર મોદી સામે જોરદાર લડત ચલાવવાની ઈચ્છા ધરાવે છે.

## ઉત્તરપ્રદેશમાં મહત્તમ સીટો ઉપર વિજય થશે : અખિલેશ

સેફાઈ, તા. ૨૪

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે દાવો કર્યો હતો કે, ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી મહત્તમ સંખ્યામાં બેઠકો મેળવી લેશે. ઈટાવા જિલ્લામાં સેફાઈ ખાતેથી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ અખિલેશ યાદવે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટી મહત્તમ સંખ્યામાં બેઠકો જીતી જશે. યાદવે એમ પણ કહ્યું હતું કે, આ એવો વિસ્તાર છે જ્યાં મતદારો હંમેશા તેમની પાર્ટીની તરફેણ કરે છે. ગરીબો, ખેડૂત લોકો



હંમેશા સમાજવાદી પાર્ટીને ટેકો આપતા રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદારો સપાની તરફેણમમાં રહેશે અને અહીં મહત્તમ સંખ્યામાં બેઠકો જીતી જઈશું. ઉત્તરપ્રદેશમાં ૧૨ બેઠકો માટે આજે મતદાન યોજાયું હતું. જેમાં ૧૬૭ ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા હતા. અખિલેશ યાદવની સાથે સાથે મુલાયમસિંહ યાદવ અને સમાજવાદી પાર્ટીના અન્ય કાર્યકરો હાલમાં તીવ્ર ચૂંટણી પ્રચારમાં લાગેલા છે પરંતુ આ વખતે તેમની સામે ખુબ પડકારપૂર્ણ સ્થિતિ રહેલી છે.

## લિવ ઈન રિલેશનશીપથી થતા બાળક કાયદેસર

નવી દિલ્હી,તા. ૨૪

સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા કહ્યું છે કે લિવ ઈન રિલેશનશીપ વેળા જન્મ લેનાર બાળકને કાયદેસર ગણવામાં આવશે. પોતાના મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે તારણ આપતા કહ્યું હતું કે જો એક પુરૂષ અને મહિલા લાંબા સમયથી પતિ પત્નિની જેમ રહે છે અને આ સંબંધ મારફતે તેમને કોઈ બાળક જન્મે ચે તો કાયદાની દ્રષ્ટિએ તેમને પતિ પત્નિ તરીકે ગણવામાં આવશે. જસ્ટીસ બીએસ ચોહાણ અને જે. ચેલામેશ્વરની એક બેંચે વકીલ ઉદય ગુપ્તાની અરજી પર સુનાવણી કરતા કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટ આ સંબંધમાં તમામ ગૂંચવણને દુર કરવા માંગે છે. વકીલ ગુપ્તાએ લિન ઈન ને લઈને મદ્રાસ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલી વ્યાપક ટિપ્પણી પર પ્રશ્ન ઉઠાવીને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે લાંબા સમય સુધી રહેનાર લિવ ઈન બાદ જન્મ લેનાર બાળકને ગેરકાયદે ગણી શકાય નહી. ગુપ્તાએ મદ્રાસ હાઈકોર્ટની ટિપ્પણીને પડકાર ફેંકીને અપીલ કરી હતી. મદ્રાસ હાઈકોર્ટે ચુકાદો આપતા કહ્યું હતું કે એક કાયદેસરના લગ્ન માટે એ જરૂરી નથી કે લગ્ન જોડી સાથે સંબંધિત તમામ પરંપરાને પાળવામાં આવે. તેમના કાઉન્સિલ કાલા દ્વારા હાઈકોર્ટની આ ટિપ્પણીને ફગાવી દેવા માંગ કરી હતી. તેમને કહ્યું હતું કે આ પ્રકારની ટિપ્પણી લગ્ન સાથે સંબંધિત વ્યવસ્થાને ખતમ કરી દેશે. બેંચે હાઈકોર્ટના ચુકાદામાં અભ્યાસ કર્યા બાદ તેના તારણ આપ્યા હતા.સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે હાઈકોર્ટની ટિપ્પમી બીજા કેસો માટે એક દાખલા તરીકે ગણી શકાય નહી. બલ્કે આ લિવ ઈન સુધી મર્યાદિત થઈ જશે. જસ્ટીસ ચોહાણ અને ચેલામેશ્વરે કહ્યું હતું કે હકીકતમાં હાઈકોર્ટ કહેવા માંગતી હતી કે જો એક પુરૂષ અને મહિલા લાંબા સમય સુધી લગ્ન વગર પતિ અનેપત્નિની જેમ રહે ચે તો તેમને લગ્ન કરેલા દંપતિની જેમ ગણવામાં આવશે જેથી તેમને તનાર બાળકને કોઈ પણ રીતે ગેરકાયદે ગણી શકાય નહી.

## સમાચાર ઝલક

- રાજય સંચાલિત બેંકોને મર્જરની તરફેણ કરતું નાણાં મંત્રાલય.
- બનાવટી એન્કાઉન્ટરમાં મોદીનો હાથ નથી : સી.બી.આઈ.
- ઈફ્કોમાં સતત ત્રીજી વખત ડાયરેક્ટર પદે શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયા ચૂંટાયા.
- આંતરરાષ્ટ્રીય પશુ ચિકિત્સા દિવસ તરીકે ર૪મી એપ્રિલનો દિવસ ઉજવવામાં આવ્યો.
- અમેરિકા યુદ્ધમાં હવે યંત્ર માનવોનો ઉપયોગ કરશે.
- બોલીવુડ નિર્માતાઓ આગામી ફિલ્મના રીલીઝની વર્ષો અગાઉ જાહેરાત કરી રહ્યા છે.
- મોટી વયે માતા પિતા બનનારાના સંતાન માનસિક ખોડ ધરાવતા હોય તેવી શકયતા-સર્વે
- ગુજરાતના ખાંડ ઉદ્યોગ પર આવકવેરો લાગુ કરાતાં ખાંડ ઉદ્યોગ બંધ થાય તેવી હાલત.
- સચિન તેંડુલકર પોતાની ૪રમી વર્ષગાંઠની ઉજવણી સાથો સાથ મતદાન કરવા મુંબઈ પરત ફર્યો.
- ચૂંટણી પંચ પેઈડ ન્યૂઝના ૬૧ કેસ નોંધ્યા.
- ન્યૂઝ-મનોરંજન ચેનલોમાં પણ રાજકીય જાહેરાતો માટે ૪ ગણી વૃદ્ધિ થઈ.
- ચૂંટણીના દિવસે એસ.ટી.ની ગુજરાતમાં ૧૮ હજાર રૂટ બંધ રહશે. એસ.ટી.ને પાંચ કરોડ મળશે.
- સીરીયામાં લશ્કરના બોમ્બ મારામાં ૧૦૪નાં મોત.
- ૩૭ ટકા અમદાવાદીઓ રોજ સ્નાન કરતા નથી.
- નેતાઓના ફોટા સાથેની સરકારી જાહેરાત માટે સુપ્રીમે સમિતિ બનાવી.
- દિલ્હી મેટ્રોમાં ૯૪ ટકા અપરાધી મહિલાઓ જ ખિસ્સા કાપે છે.
- ધુમ્રપાન ન કરતા યુવાનો માટે રીલાયન્સે ૧ કરોડનો વીમો બહાર પાડયો.

## ગિરીરાજે આગોતરા જામીન અરજી કરી

પટણા, તા. ૨૪

ઉશ્કેરણીજનક ભાષણો બદલ ધરપકડનો સામનો કરી રહેલા ભાજપના વરિષ્ઠ નેતા ગિરીરાજ સિંહે આજે જિલ્લા કોર્ટમાં આગોતરા જામીન માટેની અરજી કરી દીધી હતી. તેમની ધરપકડ કરવા માટે તેમના આવાસ ઉપર બિહાર અને ઝારખંડ પોલીસની સંયુક્ત ટીમે દરોડો પાડ્યાના કલાકો બાદ જ આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. જિલ્લા જજ વિરેન્દ્ર કુમારની કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી છે. વિરેન્દ્રકુમાર આવતીકાલે આ મામલાની સુનાવણી માટે હાથ ધરશે. ૨૧મી એપ્રિલના દિવસે પટણામાં એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે તેમની સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના સંબંધમાં ગિરીરાજસિંહે આગોતરા જામીન અરજી કરી છે. લોકપ્રતિનિધિત્વ ધારા ૧૯૫૦ અને ઈન્ડિયન પીનલ કોડની જુદી જુદી કલમો હેઠળ આ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ગિરીરાજે એમ કહીને પોતાના માટે મુશ્કેલી ઉભી કરી દીધી હતી કે નરેન્દ્ર મોદીનો વિરોધ કરનાર લોકોને પાકિસ્તાન જવું પડશે. નીતિશકુમાર સરકારમાં પ્રધાન રહી ચુકેલા ગિરીરાજસિંહે ૧૯મી એપ્રિલના દિવસે ઝારખંડમાં દિયોઘર જિલ્લામાં ચૂંટણી સભા દરમિયાન આ પ્રકારના વિવાદાસ્પદ સૂચન કર્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતુ કે, કેન્દ્ર સરકાર માંસની નિકાસ માટે સબસિડી આપે છે પરંતુ ગૌરક્ષામાં સામેલ લોકો ઉપર ટેક્સ લાગૂ કરે છે. ભાજપના નેતાએ ગઈકાલે કહ્યું હતું કે તેઓ બિહારમાં અથવા તો અન્યત્ર શરણાગતિ સ્વીકારી લેશે.

## ધ કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

દુનિયા માં ક્યાય ના હોય એવા દલિત ક્રિશ્ચન, દલિત મુસલમાન અને દલિત બૌદ્ધો નો એક આખો વર્ગ ઉભો થઈ ગયો છે, આ લોકો ને વટલાયેલો ગણી ધુત્કારવાનો ાપેગેન્ડા હજી પણ ચાલુ જ છે. અપમાન અને અવહેલનાની પદ્ધતિ ઓ આજે બદલાઈ ગઈ છે, મોટા ભાગ ની જગ્યાઓ એ આભડછેટ ત્યક્ષ નથી રહી પણ હઝારો વરસ ના સંસ્કાર કાઈ ૬ દસકા નો કાયદો એટલી સરળતા થી દુર કરી શકે ખરો? મનમાં અભડાનારા લોકો નો તોટો છે હજી આ સમાજમાં!

ડૉ. આંબેડકર એક વ્યક્તિ થી મટી ને એક ચેતના વધુ છે, જેને હજુ ભારતીયો પુરેપુરી સમજી નથી શક્યા. દલિતો ની અંદર રહેલો અન્યાય બોધ કે સેન્સ ઓફ ઈનજસ્ટીસ પણ તેમાં થોડોક બાધા રૂપ બને છે પણ કદાચ વહેતા સમય સાથે સમાજ નો દલિત શોષિત અને પતિત વર્ગ પણ શતાબ્દીઓ જુના શાપ ને તોડી ને એક વ્યક્તિ એક ઈન્ડીવિઝ્યુઅલ તરીકે ઓળખ પામશે. આંબેડકર એટલે ફક્ત રેલીઓને મૂર્તિઓને કાયદાનું પુતળું ને દલિત વોટ બેંક નો મસીહા નહિ...પણ વ્યક્તિ ની અંદર કચડાઈ પડેલી ગરિમા ને ભી કરનાર ક્રાંતિકારી! હજી સમજવો પડશે...આ માણસ ને એક માણસ તરીકે ફરી સમજવો પડશે....જયાં પીવાના પાણી જેવી મૂળભૂત બાબત માટે સત્યાગ્રહ કરવો પડે એ દેશ માં આ માણસને સમયે પણ ફરીને ફરી સમજવો પડશે...

-ch9723367947@yahoo.com

## યુપીએના શાસનમાં મોંઘવારી આસમાને

ઝાંસી,તા. ૨૪

ભાજપ પ્રમુખ રાજનાથસિંહે ભાજપની તરફેણમાં લોકોને પ્રભાવિત કરવા આક્રમક ચૂંટણી પ્રચાર કરીને ઉમા ભારતીને મત આપવા રજૂઆત કરી હતી. રાજનાથસિંહે મોરાનીપુર અને બાંદાની મુલાકાત લીધી હતી અને ભાજપની તરફેણમાં મત આપવા ખેડૂતોને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી અને સમાજવાદી પાર્ટીએ હંમેશા ખોટા વચનો આપીને બુંદેલખંડના ખેડૂતોના હિતોને નુકસાન કર્યું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેમની પાર્ટી ગ્રોથ માટેની ફોર્મ્યુલા ધરાવે છે. સાથે સાથે પ્રદેશના લોકોના કલ્યાણ માટે કામ કરશે. એક વખતે કેન્દ્રમાં સરકાર બની ગયા બાદ તેમની પાર્ટી અસરકારકરીતે તમામ પગલાને અમલી બનાવશે. ઝાંસીમાંથી ચૂંટણી મેદાનમાં રહેલા ઉમા ભારતીની પણ રાજનાથસિંહે પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ઉમા ભારતીની ઓળખ આપવાની જરૂર નથી. જો તેમની સરકાર આવશે તો ઉમા ભારતી આ વિસ્તારની સમસ્યાઓને અસરકારકરીતે રજૂ કરવામાં આગળ આવશે અને અહીંના વિકાસમાં ભૂમિકા ભજવશે. રાજનાથસિંહે માત્ર તેમની પાર્ટી માટે જ નહીં બલ્કે દેશ માટે લોકોને મત આપવા અપીલ કરી હતી. રાજનાથે કહ્યું હતું કે, યુપીએ સરકાર સપા અને બસપાના ટેકાથી ચાલી રહી છે. કોંગ્રેસના શાસનમાં મોંઘવારી આસમાને પહોંચી છે.

### સપા કાર્યકરોએ મૂર્તિને સ્વચ્છ કરી

## મોદીની પુષ્પાંજલિ બાદ પ્રતિમાને સ્વચ્છ કરાઈ

વારાણસી,તા.૨૪

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ વારાણસીમાંથી ઉમેદવારીપત્ર દાખલ કરતી વેળા રાજકીય ગરમી જગાવી હતી. મોદીએ ઉમેદવારીપત્ર ભરતા પહેલા



મદનમોહન માલવિયેની પ્રતિમા ઉપર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મોદીએ પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ સમાજવાદી પાર્ટીના કાર્યકરોએ વિરોધ નોંધાવીને મૂર્તિને ગંગાજળથી સ્વચ્છ બનાવી હતી. નરેન્દ્ર મોદી સવારે વારાણસી વિમાની મથક ઉપર ઉતર્યા બાદ સીધીરીતે બીએચયુમાં પહોંચ્યા હતા. ત્યારબાદ મદનમોહન માલવિયેની પ્રતિમા ઉપર પુષ્પાંજલિ અર્પી હતી. મોદીના રોડ શો બાદ સપાના કાર્યકરો પહોંચી ગયા હતા અને વિરોધ પ્રદર્શન કરીને માલવિયેની પ્રતિમાને ગંગાજળથી સ્વચ્છ બનાવી હતી.